તાપમાન
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૯૫ | ૫ જાન્યુઆરી, ૨૦૧૭, ગુરૂવાર ; પોષ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો



# પાંચ રાજ્યોમાં ચૂંટણી કાર્યક્રમ જાહેર

**ઉત્તરપ્રદેશમાં સાત તબક્કામાં ૧૧મી ફેબ્રુઆરીથી મતદાન : પંજાબ તેમજ ગોવામાં ચોથી ફેબ્રુઆરીના દિવસે એક જ તબક્કામાં મતદાન : ઉત્તરાખંડમાં ૧૫મી ફેબ્રુઆરીએ અને મણીપુર બે તબક્કામાં ૪થી અને ૮મી માર્ચના રોજ મતદાન : તમામ રાજ્યોની મતગણતરી ૧૧મી માર્ચે યોજાશે**



નવી દિલ્હી,તા. ૪

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ આજે જાહેર કરવામાં આવ્યો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી સાત તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કામાં ઉત્તરપ્રદેશમાં મતદાન ૧૧મી ફેબ્રુઆરીના દિવસે યોજાશે. જ્યારે અંતિમ તબક્કામાં ઉત્તરપ્રદેશમાં આઠમી માર્ચના દિવસે મતદાન યોજાશે. મતગણતરીની પ્રક્રિયા ૧૧મી માર્ચના દિવસે હાથ ધરવામાં આવશે. રાજકીય રીતે ખૂબ જ સંવેદનશીલ અને મહત્વપૂર્ણ ગણાતા ઉત્તરપ્રદેશમાં કુલ ૪૦૩ વિધાનસભા સીટો છે. પ્રથમ તબક્કામાં ઉત્તરપ્રદેશમાં ૭૩ સીટ માટે ૧૧મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. જ્યારે બીજા તબક્કામાં ૬૭ સીટ માટે ૧૫મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ત્રીજા તબક્કામાં ૬૯ સીટ માટે ૧૯મી ફેબ્રુઆરીના

● અનુસંધાન પાન-૭ પર

## ઝારખંડને હરાવી ગુજરાત રણજી ટ્રોફીની ફાઈનલમાં પહોચ્યું

અમદાવાદ, તા.૪

રણજી ટ્રોફીની બીજી સેમિફાઈનલમાં ઝારખંડને ૧૨૩ રને હરાવીને ગુજરાતે રણજી ટ્રોફીની ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી હતી. પહેલી ઈનિંગમાં ગુજરાતના ૩૯૦ રનની સામે ઝારખંડે ૪૦૮ રન ફટકાર્યા હતા. જ્યારે બીજી ઈનિંગમાં ગુજરાતની ટીમ ૨૫૨ રને ઓલઆઉટ થઈ ગઈ હતી, જેની સામે ઝારખંડની ટીમ ૧૧૧ રને ઓલઆઉટ થઈ ગઈ હતી. ગુજરાત તરફથી પ્રિયાંક પંચાલે ૧૪૯ રન અને મનપ્રીત જૂનેજાએ ૮૧ રન ફટકાર્યા હતા.

## ઉજ્જવલા ગેસના જોડાણ આપવામાં યુપી પ્રથમ ક્રમે

પ્રધાનમંત્રી ઉજ્જવલા ગેસ કનેક્શન આપવાના મામલે ઉત્તરપ્રદેશ દેશમાં પ્રથમ સ્થાન પર છે. જ્યારે પશ્ચિમ બંગાળ અને બિહાર યાદીમાં બીજા સ્થાન પર છે. ઈન્ડિયન ઓઈલના અધિકારી દ્વારા જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે પહેલી મે ૨૦૧૬ના દિવસે ઉજ્જવલા ગેસ કનેક્સન યોજના લોંચ કરવામાં આવી હતી.

## ઓપીનીયન પોલ

## ઉત્તરાખંડ-પંજાબમાં ભાજપ, ઉત્તરપ્રદેશમાં ત્રિશંકુ સ્થિતિ

**મુખ્યમંત્રી પદ માટે ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ, ઉત્તરાખંડમાં હરિશ રાવત અને પંજાબમાં કેપ્ટન અમરિંદરસિંઘ મોખરે**



ગાંધીનગર, તા. ૪

આગામી દિવસોમાં યોજાનાર પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના કારણે રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. વિવિધ ચેનલો પર આવી રહેલા ઓપીનીયન પોલ ઉત્તરાખંડ અને પંજાબમાં ભાજપ સત્તા ગ્રહણ કરે તેવા સંકેતો આપી રહ્યા છે તો ઉત્તરપ્રદેશમાં ત્રિશંકુ સરકારની રચના થઈ શકે છે.

ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, મણીપુર અને ગોવા વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં જ રાજકીય વર્તુળોમાં ઉત્તેજના છવાઈ ગઈ છે. પાંચ રાજ્યોની કુલ ૬૯૦ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ જેવી મોટી પાર્ટીઓથી માંડીને સ્થાનિક પાર્ટીઓના ઉમેદવારો વચ્ચે ભારે રસાકસીભર્યો જંગ ખેલાશે. રાજકીય પંડિતો વિવિધ ચોકઠાઓ ગોઠવી કોને ક્યાં કેટલી બેઠકો મળશે અને કોણ મુખ્યમંત્રી બનશે તેની ચર્ચાઓ જોરશોરથી થઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પોલિટીકલ ફન્ડીંગમાં પારદર્શકતા લાવવા હિલચાલ

**ચૂંટણી સુધારા પર ખરડો લાવવા માટે સક્રિય વિચારણા : બ્લેક મની પર પ્રહાર કરવા નોટબંધી બાદ વધુ એક પગલાની તૈયારી : સંસદના આગામી સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક બોલાવીને રાજકીય પક્ષોનો અભિપ્રાય મેળવાશે**

નવી દિલ્હી, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સંસદના બજેટ સત્ર દરમિયાન ચૂંટણી સુધારા અંગે ખાસ ખરડો લાવવા માટે વિચારણા કરી રહી છે. બ્લેકમની પર પ્રહાર કરવા માટે નોટબંધી બાદ હવે અન્ય એક મોટા પગલા તરીકે આને જોવામાં આવે છે. સંસદના બજેટ સત્ર પહેલા બોલાવવામાં આવનાર સર્વપક્ષીય બેઠકમાં આ મુદ્દે વડાપ્રધાન તમામ રાજકીય પક્ષો સાથે વાતચીત કરી શકે છે. સંસદમાં બજેટ સત્રાનો પ્રથમ ભાગ ૩૧મી જાન્યુઆરીથી શરૂ થશે. એ વખતે સરકાર આર્થિક સર્વે રજૂ કરશે. આની સાથે જ નાણામંત્રી અરુણ જેટલીના ચોથા વાર્ષિક બજેટ માટેનો માર્ગ મોકળો કરી દેશે. મંગળવારના દિવસે તેલ કિંમતોમાં તેજી જોવા મળી હતી. બજેટ સત્રના પ્રથમ તબક્કાને લઈને હાલમાં ચર્ચાઓનો દોર ચાલી રહ્યો હતો પરંતુ બજેટને વહેલીતકે રજૂ કરવાની હિલચાલ છેલ્લા ઘણા સમયથી હાથ ધરવામાં આવી હતી. સંસદીય બાબતો અંગેની કેબિનેટ સમિતિએ બજેટ પ્રક્રિયામાં ધરખમ સુધારાની ભલામણ કરીને બજેટ સત્રને ૩૧મી જાન્યુઆરીથી શરૂ કરવાની ભલામણ કરી છે. સરકાર વર્ષ ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષ માટેનું બજેટ પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરનાર છે. સામાન્યરીતે બજેટ ફેબ્રુઆરી મહિનાના અંતિમ દિવસે રજૂ કરવામાં આવે છે પરંતુ હવે વહેલીતકે બજેટ રજૂ કરવાની તૈયારી કરવામાં આવી છે.બીજી રસપ્રદ બાબત એ છે કે, આ વખતે સામાન્ય બજેટમાં જ રેલવે બજેટને

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર ભારતમાં ભારે ધુમ્મસ : ૫૫ ટ્રેન મોડી

**જનજીવન પર પ્રતિકુળ અસર : રાજસ્થાન, દિલ્હી, ઉત્તરપ્રદેશમાં ધુમ્મસની ચાદર : જમ્મુ કાશ્મીર અને હિમાચલના ઘણા ભાગમાં શુન્યમાં તાપમાન**



નવી દિલ્હી,તા. ૪

ઉત્તર ભારતમાં ધુમ્મસ અને તીવ્ર ઠંડીના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયુ છે. એકબાજુ હિમાચલના કેટલાક ભાગોમાં હિમવર્ષાના કારણે બરફની ચાદર છે તો કેટલાક ભાગોમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. આના કારણે સામાન્ય લોકો પરેશાન થયેલા છે. ધુમ્મસના કારણે સાવચેતીના પગલા રૂપે ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી રહી છે. ૫૫ ટ્રેનો લેટ છે. જ્યારે ૧૩ ફલાઈટ પણ લેટ છે. દિલ્હીમાં ધુમ્મસની સ્થિતી સૌથી વધારે જોવા મળી રહી છે. વિજિબિલિટી ઘટી ગઈ છે. આ સાથે જ સતત છવાયેલા ધુમ્મસના પગલે ઉત્તર ભારતમાં અનેક ટ્રેનો તેના નિર્ધારિત સમયથી મોડી ચાલી રહી છે. અનેક ટ્રેનોના સમય બદલવામાં આવ્યા છે .

# નક્સલવાદી હુમલાની હિલચાલ

**હુમલા માટે આકાઓના આદેશનો ઇન્તજાર : બાતમી મળ્યા બાદ કેટલાક રાજ્યોમાં એલર્ટની જાહેરાત**

નવી દિલ્હી,તા. ૪

દેશના કેટલાક રાજ્યોમાં નક્સલવાદીઓ હજુ સક્રિય થયેલા છે. નક્સલવાદીઓ હવે નવા હુમલા કરવાની તૈયારી કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ નક્સલવાદીઓ પાસે હવે નાણાં આવી ગયા છે. આવી સ્થિતીમાં નવા હુમલા કરવાની રાહ જોવામાં આવી રહી છે. નક્સલવાદીઓ નવા હુમલાને અંજામ આપવા માટે પોતાના આકાઓના આદેશની રાહ જોઈ રહ્યા છે. કોઈ પણ સમય આદેશ મળ્યા બાદ હવે હુમલા કરવામાં આવશે. ગુપ્તચર સંસ્થાઓને બાતમી મળ્યા બાદ નક્સલવાદીગ્રસ્ત રાજ્યોમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. નક્સલવાદી વિતેલા વર્ષોમાં પોલીસ અને સુરક્ષા દળના કાફલા પર વધારે હુમલા કરતા રહ્યા છે. હવે પોતાની હાજરી પુરવાર કરવા માટે કેટલાક સંગઠનની મદદ પણ લેવામાં આવી રહી છે. નક્સલવાદી ગતિવિધી પર બ્રેક મુકવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પહેલાથી જ પગલા લેવામાં આવી રહ્યા છે. આવી સ્થિતીમાં નોટબંધીના કારણે તેમની હાલત વધારે કફોડી બની છે. નક્સલવાદીઓ મુખ્યરીતે બિહાર, ઝારખંડ અને છત્તિસગઢમાં વધારે સક્રિય છે. તેમની ગતિવિધી પર નજર રાખવામાં આવી રહી છે.



## વનડે-ટ્વેન્ટી ટીમના કેપ્ટન તરીકે ધોનીનું રાજીનામું

નવી દિલ્હી,તા. ૪

ભારતીય ક્રિકેટ ટીમના વન ડે કેપ્ટન અને ટી-૨૦ કેપ્ટન તરીકે મહેન્દ્રસિંહ ધોનીએ આજે મોડી રાત્રે એકાએક રાજીનામું આપી દીધું હતું. આની સાથે જ ધોનીએ કરોડો ક્રિકેટ ચાહકોમાં નવી ચર્ચા જગાવી દીધી છે. વન ડે ક્રિકેટ ટીમની પસંદગી કરવામાં આવનાર છે ત્યારે ધોનીએ રાજીનામું આપીને તમામને ચોંકાવી દીધા છે.

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી ગાભાજી મંગાજી ઠાકોર
(પૂર્વ સાંસદ અને પૂર્વ મંત્રી, ગુજરાત સરકાર)
તાઃ૨-૧-૨૦૧૭ના રોજ દેવલોક પામ્યા છે.
સદ્‌ગતનું બેસણું તાઃ૬-૧-૨૦૧૭ ને શુક્રવારના રોજ સવારના ૯ થી ૩ કલાકે રાખેલ છે.
સ્થળ. ખંડુભાઈ દેસાઈ હોલ, પ્રભુનગર પાસે, અસારવા, અમદાવાદ.

અંબાલાલ ગાભાજી ઠાકોર (એડવોકેટ) ૯૮૨૫૩૦૩૭૬૭
રમણલાલ ગાભાજી ઠાકોર (એડવોકેટ) ૯૮૨૫૪૬૫૯૭૨
મનુજી ગાભાજી ઠાકોર ૯૮૨૫૧૮૩૪૨૨
મયુરસિંહ અંબાલાલ ઠાકોર (એડવોકેટ)
રવિભાઈ રમણલાલ ઠાકોર (એડવોકેટ)
દિવ્યરાજસિંહ મનુજી ઠાકોર
ઈશાન રવિભાઈ ઠાકોર (પ્રપોત્ર)
વત્સીન મયુરસિંહ ઠાકોર (પ્રપોત્ર)
(કાણ મોકાણ બંધ છે)

## બેસણું (સુતક)



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
કિરીટસિંહ નવલસિંહ સોંલકી
(કંટ્રોલવાળા, પેથાપુર)નું
તા.૩૧/૧૨/૨૦૧૬ને શનિવારે
આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું (સુતક)
તા. ૬/૧/૨૦૧૭ને શુક્રવારે
અમારા નિવાસસ્થાને રાખેલ છે.
સ્થળ : D-2/2, શાલીન-4, ઉંવારસદ રોડ, વાવોલ, ગાંધીનગર. M.: 9712383965, 9586450590

સ્વ. દિલીપસિંહ નવલસિંહ સોલંકી (ભાઇ)
સોલંકી મહેન્દ્રસિંહ નવલસિંહ (ભાઇ)
સોલંકી દેવેન્દ્રસિંહ નવલસિંહ (ભાઇ)
સોલંકી ધ્રુપતસિંહ કિરીટસિંહ (પુત્ર)
સોલંકી જયદિપસિંહ કિરીટસિંહ (પુત્ર)
ચૌહાણ જગતસિંહજી શ્યામસિંહજી (જીજાશ્રી)
રાઓલ પ્રભુદત્તસિંહજી ઘનશ્યામસિંહજી (જમાઇશ્રી)
રાઠોડ પ્રવિણસિંહજી ગંભીરસિંહજી (જમાઇશ્રી)
દેવડા દિગ્વીજયસિંહજી નરેન્દ્રસિંહજી (જમાઇશ્રી)
ચુંડાવત અનોપસિંહજી પૃથ્વીસિંહજી (જમાઇશ્રી)
સમસ્ત સોલંકી પરિવાર (મોટીમોરી-મેઘરજ)

અમારા જીજાશાનું બેસણું (સુતક) તા. ૬/૧/૨૦૧૭ ખોખરા સર્કલ અમદાવાદ મુકામે રાખેલ છે.
રહેવર ભરતસિંહ હતુસિંહ (ગામ : ઘોરવાડા) રહેવર ચંદ્રપાલસિંહ હતુસિંહ

ઓપરેશન
કમરનો દુઃખાવો, કાકડા (ટોન્સીલ) એડીનોઈડ, મસા પ્રોસ્ટેટ, પથરી
Dr. Patel's homeocare
૨૦૬, વિડીયોકોન અરીઝોના, નવગુજરાત કોલેજ પાસે, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ.
કન્સલ્ટીંગ : ૯૦૫૪૬૨૪૬૭૨

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

# પહેલી ફેબ્રુઆરીએ બજેટ નહીં : વિપક્ષો

**ચૂંટણી પંચ સમક્ષ પણ વિધિવત રીતે રજુઆત :લોકલક્ષી જાહેરાતો મારફતે મતદારોને પ્રભાવિત કરવા બજેટનો ઉપયોગ થઈ શકે છે**

નવી દિલ્હી,તા. ૪

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા બાદ તમામ પ્રકારની તૈયારીઓમાં રાજકીય પક્ષો વ્યસ્ત થઈ ગયા છે ત્યારે ચૂંટણી માટે પ્રથમ મતદાન ચોથી ફેબ્રુઆરીના દિવસે અને અંતિમ મતદાન આઠમી માર્ચના દિવસે થનાર છે. મતગણતરી ૧૧મી માર્ચના દિવસે હાથ ધરાનાર છે. આ જાહેરાતની સાથે જ પાંચેય રાજ્યોમાં આદર્શ આચારસંહિતા અમલી બનાવી દેવામાં આવી છે. આવી સ્થિતિમાં વિપક્ષે આ વખતે પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજુ કરવાના મામલા પર પ્રશ્નો ઉઠાવ્યા છે. સાથે સાથે વાંધો પણ ઉઠાવીને આને ટાળવાની રજુઆત કરવામાં આવી છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજુ કરવામાં આવે તે યોગ્ય નથી તેવી માંગણી વિપક્ષ દ્વારા આજે કરવારમાં આવી હતી. કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષના સભ્યોએ ચૂંટણી પંચને આ સંબંધમાં એક પત્ર સોંપીને રજુઆત કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનર નસીમ જેદીએ આજે ચૂંટણી તારીખોની જાહેરાત કરી હતી. એક પ્રશ્નના જવાબમાં તેમણે આ મુજબની વાત કરી હતી. જેદીએ કહ્યું હતું કે ચૂંટણી પંચને રાજકીય પક્ષો

● અનુસંધાન પાન-૭ પર






ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય